# કોહલીએ ફિટનેસ ટેસ્ટ બેંગ્લુરૂના બદલે લંડનમાં કરાવતા વિવાદ થવાની શક્યતા

**રોહિત**, ગિલ સહિતના અન્ય ભારતીય ખેલાડીઓએ બેંગ્લુરૂમાં ફિટનેસ ટેસ્ટ કરાવ્યો પણ BCCIએ કોહલીને લંડનમાં આ ટેસ્ટ કરાવવાની છુટ આપી



નવી દિલ્હી, તા.3: મોટાભાગના ભારતીય ખેલાડીઓ ફિટનેસ ટેસ્ટ માટે બેંગલુરુ સ્થિત નેશનલ ક્રિકેટ એકેડેમી પહોંચ્યા હતા, પરંતુ વિરાટ કોહલી એકમાત્ર સક્રિય ખેલાડી રહ્યો જેણે લંડનમાં ફિટનેસ ટેસ્ટ આપ્યો હતો, જ્યાં તે હાલમાં તેના પરિવાર સાથે રહે છે. એક અહેવાલ મુજબ, કોહલીએ બ્રિટેનમાં ફિટનેસ ટેસ્ટ કરાવવા માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) પાસેથી ખાસ મંજૂરી માગી હતી, જ્યારે ટીમના મોટાભાગના અન્ય ખેલાડીઓ ફિટનેસ ટેસ્ટ માટે બેંગલુરુ ગયા હતા. કોહલીએ ટેસ્ટ પાસ કર્યો હોવા છતાં, ફરજિયાત ફિટનેસ ટેસ્ટ માટે ખાસ છૂટ મળવાથી વિવાદ ઉભો થવાની શક્યતા છે.

રોહિત શર્મા, શુભમન ગિલ, મોહમ્મદ સિરાજ વગેરે જેવા ખેલાડીઓએ બેંગલુરુમાં પોતાના ફિટનેસ ટેસ્ટ પાસ કર્યા હોવાનું કહેવાય છે. બીજી તરફ, એક સમાચારપત્રના અહેવાલ મુજબ, કોહલીએ પણ તેમ કર્યું હતું, પરંતુ માન્ય દેખરેખ હેઠળ લંડનમાં.

હાલમાં સક્રિય મોટાભાગના ખેલાડીઓએ પોતાના ફિટનેસ ટેસ્ટ કરાવ્યા છે, પરંતુ ઈજા અથવા અનુપલબ્ધતાને કારણે કેટલાક હજુ પણ બાકી છે.

બીજા તબક્કાના ટેસ્ટમાં કે એલ રાહુલ, આકાશ દીપ, નીતિશ કુમાર રેડ્ડી, રવિન્દ્ર જાડેજા અને ઋષભ પંત જેવા ખેલાડીઓનો ટેસ્ટ કરવામાં આવશે.

જ્યારે બીસીસીઆઈના એક અધિકારીને વિરાટના કેસ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું હતું કે આ આઇકોનિક ક્રિકેટરે આવી વિનંતી માટે મંજૂરી લીધી હતી. જોકે, રિપોર્ટમાં એ પણ ઉમેરવામાં આવ્યું છે કે હજુ સુધી એ જાણી શકાયું નથી કે આવી છૂટ અન્ય કોઈ ખેલાડીને સમાન ઉકેલ મેળવવા માટે આપી શકાય કે નહીં.

# બેંગ્લુરૂમાં રોહિત, ગિલ અને અન્ય ખેલાડીઓનો બ્રોન્કો ટેસ્ટ કરાયો ન હતો: સૂત્ર

**હજુ** સુધી બ્રોન્કો ટેસ્ટ પસંદગીનો માપદંડ બન્યો નથી

**વર્ષમાં** કરાતા યો-યો અને અન્ય ફરજિયાત ફિટનેસ ટેસ્ટ હંમેશા પસંદગી માટેના માપદંડ બનતા નથી



નવી દિલ્હી, તા. 3: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા વનડે કેપ્ટન રોહિત શર્મા, ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલ અને અન્ય ખેલાડીઓ માટે ફરજિયાત ફિટનેસ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે, જ્યારે હાલમાં રજૂ કરાયેલો બ્રોન્કો ટેસ્ટ હજુ સુધી લાગુ કરવામાં આવ્યો નથી. એક અહેવાલ મુજબ, ખેલાડીઓ પાસેથી હાલની સિસ્ટમનો ઉપયોગ કરીને તેમની ફિટનેસ સાબિત કરાવવામાં આવી હતી, જેનો અર્થ એ થયો કે બ્રોન્કો ટેસ્ટના આધારે કોઈનું મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું, જે નવા સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ, એડ્રિયન લે રોક્સની ભલામણ હતી. ‘એશિયા કપ માટે ટીમ દુબઈમાં ભેગી થાય ત્યારે આવું થઈ શકે છે. ટીમ બુધવારની મોડી રાત્રે (4 સપ્ટેમ્બરની વહેલી સવારે) રવાના થશે અને 5 સપ્ટેમ્બરે ICC એકેડેમીમાં તેમનું પહેલું સત્ર યોજાશે. તેથી જો મેનેજમેન્ટ અને સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ બ્રોન્કોનું મૂલ્યાંકન કરવા માંગતા હોય, તો તે દુબઈમાં પણ થઈ શકે છે, જો આ ટેસ્ટ થાય તો’, એમ BCCIના એક સૂત્રએ કહ્યું હતું. સમય સમય પર, BCCI ખેલાડીઓની ફિટનેસ માપવા માટે ઉપયોગમાં લેવાતા ટેસ્ટના સેટમાં ફેરફાર કરે છે. જ્યારે BCCI-કોન્ટ્રાક્ટેડ બધા ખેલાડીઓ માટે ફિટનેસ ટેસ્ટ લેવામાં આવે છે અને લગભગ તમામ ખેલાડીઓ માટે વર્ષમાં ત્રણ વખત યો-યો ટેસ્ટ કરાવવાનું હોય છે, ત્યારે ભારતના ભૂતપૂર્વ સ્ટ્રેન્થ એન્ડ કન્ડીશનીંગ કોચ સોહમ દેસાઈએ ખુલાસો કર્યો કે તે ટેસ્ટ હંમેશા પસંદગીનો માપદંડ બનતા નથી. બ્રોન્કો ટેસ્ટ પસંદગીનો માપદંડ બનશે કે નહીં તે હજુ સુધી જાણી શકાયું નથી.

# યુએસ ઓપન: અલ્કારાઝ અને જોકોવિચ વચ્ચે થશે સેમિફાઈનલ મુકાબલો

**ક્વાર્ટર** ફાઈલનમાં અલ્કારાઝે જીરી લેહેકાને જ્યારે જોકોવિચે ટેલર ફ્રિટ્ઝને હરાવ્યો

**જોકોવિચ** રેકોર્ડ 53મા ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પહોંચ્યો





ન્યૂયોર્ક, તા. 3 (એપી): સ્પેનના કાર્લોસ અલ્કારાઝે જીરી લેહેકાને 6-4, 6-2, 6-4થી હરાવીને યુએસ ઓપન મેન્સ સિંગલ્સની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો જ્યાં તેનો મુકાબલો 24 વખતના ગ્રાન્ડ સ્લેમ વિજેતા નોવાક જોકોવિચ સામે થશે.

બે વર્ષ પહેલાં અહીં પોતાનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યા પછી અલ્કારાઝ પહેલી વાર હાર્ડકોર્ટ પર ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પહોંચ્યો છે.

જોકોવિચે ઓસ્ટ્રેલિયન ઓપન ક્વાર્ટર ફાઇનલમાં તેને હરાવ્યો હતો.

જોકોવિચે ક્વાર્ટર ફાઇનલમાં ટુર્નામેન્ટના છેલ્લા અમેરિકન ખેલાડી ટેલર ફ્રિટ્ઝને હરાવ્યો અને જીત્યા પછી, ફ્રિટ્ઝના ઉત્સાહિત ચાહકો પર ફ્લાઈંગ કિસ વરસાવી હતી. જોકોવિચે 6-3, 7-5, 3-6, 6-4થી જીત મેળવી. જોકોવિચ રેકોર્ડ 53મા ગ્રાન્ડ સ્લેમ સેમિફાઈનલમાં પહોંચ્યો છે, જેમાં ફ્લશિંગ મીડોઝ ખાતે તે 14 વખત છેલ્લા ચારમાં પહોંચ્યો છે. જોકોવિચે કહ્યું, ‘છેલ્લે જીત મહત્વની હોય છે. મને ગર્વ છે કે મેં લડાયક રમત દેખાડી. હું બહુ જ ઝુનુનથી રમું છું અને મને રમતમાં મજા આવી રહી છે.’

## ક્વાર્ટર ફાઈનલમાં હારતા વિનસનો યુએસ ઓપનની સફર સમાપ્ત થઈ



અન્ય મેચોમાં, બે વર્ષ પછી ગ્રાન્ડ સ્લેમમાં વાપસી કરનારી અમેરિકન જોડી વિનસ વિલિયમ્સ અને લેયલા ફર્નાન્ડીઝ મહિલા ડબલ્સના ક્વાર્ટર ફાઇનલમાં ટોચની ક્રમાંકિત ટેલર ટાઉનસેન્ડ અને કેટરીના સિનિયાકોવા સામે 1-6, 2-6થી હારી ગઈ હતી. 45 વર્ષીય વિલિયમ્સ અગાઉ સિંગલ્સ અને મિક્ષ્ડ ડબલ્સના પહેલા રાઉન્ડમાં જ હારીને બહાર થઈ ગઈ હતી. જુલાઈમાં વોશિંગ્ટનમાં એક ટુર્નામેન્ટમાં રમવા માટે પાછી ફરી ત્યાં સુધી તે 16 મહિના સુધી ટેનિસ સ્પર્ધાથી બહાર રહી હતી. તેની છેલ્લી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ 2023 યુએસ ઓપન હતી. વિનસે બહેન સેરેના વિલિયમ્સ સાથે મહિલા ડબલ્સમાં 14 ગ્રાન્ડ સ્લેમ ટ્રોફી જતી છે.



## વિજય બાદ જોકોવિચે પુત્રીએ શીખવાડેલો ડાન્સ કર્યો

નોવાક જોકોવિચે યુએસ ઓપન ક્વાર્ટર ફાઇનલમાં ટેલર ફ્રિટ્ઝને હરાવીને હિટ ફિલ્મ ‘કેપોપ ડેમન હન્ટર્સ’ના સંગીત પર કેટલાક ડાન્સ મૂવ્સ સાથે ઉજવણી કરી, જે તેને તેની પુત્રી, તારા દ્વારા શીખવવામાં આવ્યા હતા., જે મંગળવારે 8 વર્ષની થઈ હતી. જીત પછી નેટ પર ફ્રિટ્ઝને મળ્યા પછી, જોકોવિચે આર્થર એશ સ્ટેડિયમમાં ડાન્સ શરૂ કર્યો હતો. જોકોવિચે આ વિજયને તારા માટે ‘મોટી બર્થડે ભેટ’ ગણાવી હતી, તારા તે સમયે સ્ટેડિયમમાં હાજર ન હતી.

## સેમિફાઈનલમાં સબાલેન્કા અને જેસિકા પેગુલા સામ સામે





**આ** ગયા વર્ષની ફાઈનલનું પુનરાવર્તન હશે જેમાં સબાલેન્કા જીતી હતી

**પેગુલાએ** ટુર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યા વિના સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો

મંગળવારે રાત્રે ડિફેન્ડિંગ ચેમ્પિયન એરિના સબાલેન્કા એક પણ બોલ ફટકાર્યા વિના યુએસ ઓપનની સેમિફાઇનલમાં પરત ફરી હતી કારણ કે ક્વાર્ટર ફાઇનલમાં તેને જેનો સામનો કરવાનો હતો, તે 2023 વિમ્બલ્ડન ચેમ્પિયન માર્કેટા વોન્ડ્રોસોવા, ઇજાગ્રસ્ત ઘૂંટણને કારણે મેચમાંથી બહાર નીકળી ગઈ હતી. યુએસ ટેનિસ એસોસિએશન અનુસાર, વોન્ડ્રોસોવા પહેલી મહિલા છે જેણે તેની પ્રતિસ્પર્ધીને વોકઓવર આપ્યો હતો. સેમિફાઈલમાં સબાલેન્કાનો મુકાબલો નંબર 4 જેસિકા પેગુલા સામે થશે. આ ગયા વર્ષે યુએસ ઓપનની ફાઈનલ મેચની ‘રીમેચ’ હશે જેમાં સબાલેન્કા જીતી ગઈ હતી. જેસિકા પેગુલાએ ક્વાર્ટર ફાઈનલમાં બાર્બોરા ક્રેજસિકોવાને 6-3, 6-3થી હરાવીને તેની કારકિર્દીના બીજા ગ્રાન્ડ સ્લેમ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

પેગુલા, સેરેના વિલિયમ્સ (2011થી 2014) પછી પ્રથમ મહિલા ખેલાડી છે જેણે સેટ ગુમાવ્યા વિના યુએસ ઓપનની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

## યુકી ભાંબરી પહેલીવાર ગ્રાન્ડ સ્લેમની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો

**માયા** રાજેશ્વરન જુનિયર કેટેગરીના બીજા રાઉન્ડમાં હારીને બહાર થઈ



યુકી ભાંબરી પોતાની કારકિર્દીમાં પહેલીવાર કોઈ ગ્રાન્ડ સ્લેમના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યો છે, તે અને માઈકલ વિનસે યુએસ ઓપન મેન્સ ડબલ્સના છેલ્લા આઠમાં સ્થાન મેળવ્યું હતું. ભાંબરી અને ન્યુઝીલેન્ડના વિનસની ૧૪મી સીડ ધરાવતી ભારતીય જોડીએ એક કલાક અને 23 મિનિટ ચાલેલા મુકાબલામાં જર્મનીના કેવિન ક્રાવિટ્ઝ અને ટિમ પુએટ્ઝને 6-4, 6-4થી હરાવ્યા. હવે તેઓ ક્રોએશિયાના નિકોલા મેક્ટિક અને અમેરિકાના રાજીવ રામ સામે ટકરાશે. ઈજાથી પ્રભાવિત 33 વર્ષીય યુકી સિંગલ્સ કારકિર્દીમાં ક્યારેય પહેલા રાઉન્ડથી આગળ વધી શક્યો નથી. ડબલ્સમાં, તે આ વર્ષે ફ્રેન્ચ ઓપન અને વિમ્બલ્ડનના ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યો હતો. દરમિયાન, પ્રતિભાશાળી માયા રાજેશ્વરન રેવતી જુનિયર કેટેગરીના બીજા રાઉન્ડમાં બ્રિટનની બીજી ક્રમાંકિત હેન્ના ક્લુગમેન સામે 6-7, 6-4, 3-6થી હારી ગઈ. માયા રાજેશ્વરન ડબલ્સ ઈવેન્ટમાં તેની પાર્ટનર લાઈમા સિનાલી સાથે ચોથી ક્રમાંકિત લુના વલ્લડસેન અને જેલીનેક વેન્ડ્રોમ સામે પણ 2-6, 2-6થી હારી ગઈ હતી.

# સૌથી ખુશીની ક્ષણ દુ:ખદ બનાવમાં ફેરવાઈ ગઈ: કોહલીએ બેંગ્લુરૂ નાસભાગ વિશે કહ્યું



**જે પરિવારોએ** પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે અને ઘાયલ થયેલા અમારા ચાહકો વિશે હું વિચારું છું અને પ્રાર્થના કરું છું: કોહલી

બેંગ્લુરૂ, તા. 3 (પીટીઆઈ): ભારત અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના સુપરસ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ 4 જૂને IPL ટાઇટલ જીતવાની ઉજવણી દરમિયાન થયેલી નાસભાગ વિશે કહ્યું છે કે, તે તેમની ટીમ માટે સૌથી ખુશીનો દિવસ બની શકતો હતો, જે 11 લોકોનાં મોત બાદ પીડાદાયક બની ગયો.

ઉલ્લેખનીય છે કે 18 વર્ષમાં પહેલીવાર RCB દ્વારા IPL ટાઇટલ જીત્યા બાદ 4 જૂને ઉજવણી કરવા માટે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં 2.5 લાખ ચાહકો ભેગા થયા બાદ આ નાસભાગ મચી હતી.

કોહલીએ RCBના એક્સ હેન્ડલ પર કહ્યું, ‘તમે ક્યારેય આવી હૃદયદ્રાવક ઘટનાનો સામનો કરવા માગતા નથી. જે અમારી ટીમના ઈતિહાસમાં સૌથી ખુશીની ક્ષણ હોવી જોઈતી હતી તે એક દુઃખદ ઘટનામાં ફેરવાઈ ગઈ.’

‘જે પરિવારોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે અને ઘાયલ થયેલા અમારા ચાહકો વિશે હું વિચારું છું અને પ્રાર્થના કરું છું. તમારું નુકસાન હવે અમારી વાર્તાનો ભાગ છે. સાથે મળીને આપણે સાવધાની, આદર અને જવાબદારી સાથે આગળ વધીશું’, એમ કોહલીએ આ નાસભાગ વિશે પ્રથમ વખત વિગતવાર નિવેદન આપ્યું હતું. આ નાસભાગ બદલ પ્રશાસન સહિત RCBની પણ ટીકા થઈ હતી. પોલીસે સ્વીકાર્યું કે ભીડને નિયંત્રિત કરવા માટે તેમને અપૂરતી વ્યવસ્થા કરવામાં આવી હતી અને તપાસમાં ચાહકોને મોટી સંખ્યામાં આવવા માટે પ્રોત્સાહિત કરવા બદલ RCBને જવાબદાર ઠેરવવામાં આવી હતી. ત્યારબાદ, RCBએ મૃતકોના પરિવારજનોને રૂ. 25 લાખનું વળતર આપવાની જાહેરાત કરી અને તેમની યાદમાં અર્થપૂર્ણ પગલાં લેવાની પ્રતિજ્ઞા લીધી.

# એશિયા કપ હોકી: ભારતે વર્તમાન ચેમ્પિયન કોરિયા સામે ડ્રો રમી

**સુપર** ફોરની મેચમાં ભારતે ઘણી તકો ગુમાવી હતી જેનું તેને નુકસાન થયું



રાજગીર (બિહાર), તા. 3 (પીટીઆઈ): બુધવારે અહીં પુરુષોની એશિયા કપ હોકી ટુર્નામેન્ટના સુપર ફોર તબક્કાની પોતાની પહેલી મેચમાં યજમાન ભારતે ઘણી તકો ગુમાવી અને ડિફેન્ડિંગ ચેમ્પિયન કોરિયા સામે 2-2થી ડ્રો સાથે સંતોષ માનવો પડ્યો.

બોલ પર કબજો અને તકોની દ્રષ્ટિએ ભારતનો દેખાવ સારો રહ્યો હતો પરંતુ કોરિયન ટીમે મજબૂત બચાવ કરીને ડ્રો મેળવ્યો. બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યો.

હાર્દિક સિંહે (8મી મિનિટે) ભારતને શરૂઆતમાં લીડ અપાવી, ત્યારબાદ યાંગ જિહુન (12મી મિનિટ) અને હ્યોનહોંગ કિમે (14મી મિનિટ) સતત ગોલ કરીને કોરિયાને આગળ ધપાવ્યું. મનદીપ સિંહે (52મી મિનિટે) ગોલ કરી અંતિમ ક્વાર્ટરમાં બરાબરી કરી.

ભારત હવે ગુરુવારે મલેશિયા સામે રમશે જ્યારે કોરિયા ચીનનો સામનો કરશે. ભારતીય ટીમે પુલ-Aમાં બધી મેચ જીતી હતી અને ટેબલમાં ટોચના સ્થાને રહ્યું હતું, તેણે ચીનને 4-3, જાપાનને 3-2 અને પછી કઝાકિસ્તાનને 15-0 થી હરાવ્યું હતું.

ભારે વરસાદને કારણે મેચ લગભગ 50 મિનિટ મોડી શરૂ થઈ હતી. શરૂઆતથી જ, હાર્દિકે મિડફિલ્ડમાં તેના ચોક્કસ ડ્રિબલિંગથી ભારત માટે સારું પ્રદર્શન કર્યું.

# શુટર સુરુચી ISSF મહિલા 10 મીટર એર પિસ્તોલ રેન્કિંગમાં ટોચના ક્રમે

નવી દિલ્હી, તા. 3: ભારતીય શૂટર સુરુચી ઈન્દર સિંહ ISSF મહિલા 10 મીટર એર પિસ્તોલ રેન્કિંગમાં ટોચનું સ્થાન હાસલ કર્યું જ્યારે બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર છઠ્ઠા સ્થાને છે.

13 વર્ષની ઉંમરે શૂટિંગ શરૂ કરનાર સુરુચી (19 વર્ષ) 4162 પોઈન્ટ સાથે રેન્કિંગમાં ટોચ પર છે. તે ચીનની યાઓ કિઆનક્સુન (3195 પોઈન્ટ) અને કિઆન વેઈ (2178 પોઈન્ટ) કરતા આગળ છે જે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.

બીજી બાજુ, મનુ સોમવારે અપડેટ કરાયેલ રેન્કિંગમાં 1988 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે.

જોકે, મનુ 25 મીટર પિસ્તોલ શ્રેણીમાં 1800 પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે જ્યારે ઈશા સિંહ 1512 પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે. આ વર્ષે ISSF વર્લ્ડ કપ ઈવેન્ટ્સમાં, સુરુચીએ લિમામાં 10 મીટર એર પિસ્તોલ મિક્ષ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે તેણે મ્યુનિક, લિમા અને બ્યુનોસ એરેસમાં વ્યક્તિગત ઈવેન્ટ્સમાં પણ ગોલ્ડ મેડલ જીત્યા હતા.



## T20 ત્રિકોણીય સિરીઝ: અફઘાનિસ્તાને પાકિસ્તાનને 18 રને હરાવ્યું

શારજાહ, તા. 3 (એપી): ઇબ્રાહિમ ઝદરાન અને સેદીક્યુલ્લાહ અતલની અડધી સદી બાદ, અફઘાનિસ્તાનના સ્પિનરોએ પાકિસ્તાનના મજબૂત બેટિંગ ઓર્ડરને ધ્વસ્ત કર્યો અને T20 ત્રિકોણીય સિરીઝની મેચ 18 રનથી જીતી લીધી. કેપ્ટન રાશિદ ખાન, મોહમ્મદ નબી અને ડાબોડી સ્પિનર નૂર અહેમદની સ્પિન ત્રિપુટીએ મળીને 6 વિકેટ લીધી અને પા કિસ્તાનને 9 વિકેટે 151 રન પર અટકાવ્યું હતું. અફઘા નિ સ્તાને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાનને 170 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જો પાકિસ્તાન 150 રન સુધી પહોંચી શક્યું, તો તેનો શ્રેય દસમા નંબરના બેટ્સમેન હરિસ રઉફને જાય છે, જેણે 16 બોલમાં ચાર છગ્ગાની મદદથી અણનમ 34 રન બનાવ્યા. અગાઉ, ઝદરાન (65) અને અતલે (64) સતત બીજી મેચમાં અડધી સદી ફટકારી હતી. આ બંને વચ્ચે 113 રનની ભાગીદારીની મદદથી, અફઘાનિસ્તાને પ્રથમ બેટિંગ કરતી વખતે પાંચ વિકેટે 169 રન બનાવ્યા. પાકિસ્તાન માટે ફહીમ અશરફે ચાર વિકેટ લીધી.

# આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ સુધારાત્મક પગલાં બાદ આઈઓએને ભંડોળ આપવાનું ફરી શરૂ કર્યું

**ભારતીય** ઓલિમ્પિક એસોસિએશનમાં આંતરિક વિવાદો અને વહીવટી મુદ્દાઓને કારણે આ સહાય અટકાવવામાં આવી હતી

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ (IOC) આંતરિક વિવાદો અને વહીવટી મુદ્દાઓને ઉકેલવા માટે ભારતીય ઓલિમ્પિક એસોસિએશન (IOA) દ્વારા લેવામાં આવેલા ‘સુધારાત્મક પગલાં’ બાદ ઓલિમ્પિક સોલિડેરિટી પ્રોગ્રામ હેઠળ ભારતને ભંડોળ આપવાનું ફરી શરૂ કરવાનો નિર્ણય લીધો છે, જે એક વર્ષ પહેલા બંધ કરવામાં આવ્યું હતું.

IOC એક્ઝિક્યુટિવ બોર્ડે ગયા વર્ષે એથ્લીટ વિકાસ કાર્યક્રમો માટે 15 કરોડ રૂપિયાની વાર્ષિક ગ્રાન્ટ અટકાવી દીધી હતી. ભારતીય ઓલિમ્પિક એસોસિએશનની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના 12 સભ્યોએ સંસ્થાના CEO તરીકે રઘુરામ ઐયરની નિમણૂકને મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો અને આ માટે તેમના ઊંચા પગારનું કારણ આપ્યું હતું. આ મુદ્દે લાંબા આંતરિક વિવાદ બાદ આ ગ્રાન્ટ અટકાવી દેવામાં આવી હતી.

પરંતુ રમતગમત મંત્રી મનસુખ માંડવિયાના હસ્તક્ષેપ બાદ આ વર્ષે 24 જુલાઈના રોજ IOA અધ્યક્ષ પીટી ઉષા અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલના બળવાખોર સભ્યો વચ્ચે સમાધાન થયું હતું. બાદમાં, 2030 કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતની બિડને ઔપચારિક રીતે મંજૂરી આપવા માટે એક ખાસ સામાન્ય સભા (SGM) પણ યોજાઈ હતી. IOC ના NOC રિલેશન્સ અને ઓલિમ્પિક સોલિડેરિટીના ડિરેક્ટર જેમ્સ મેકલિયોડે IOA પ્રમુખ પીટી ઉષાને પત્ર લખી વાર્ષિક ગ્રાન્ટ અને અન્ય સહાયો ફરી શરૂ કરવાની માહિતી આપી હતી.

# પેરા બેડમિન્ટન ખેલાડી સુકાંત કદમ એસ કેટેગરીમાં વિશ્વમાં ટોચના ક્રમે પહોંચ્યો

નવી દિલ્હી, તા. 3: ટોચના ભારતીય પેરા શટલર સુકાંત કદમ નવીનતમ BWF રેન્કિંગમાં SL-4 કેટેગરીમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. સ્પેનિશ પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ 2025માં ગોલ્ડ મેડલ જીત્યા બાદ સુકાંત રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચ્યો છે. સુકાંતે કહ્યું, ‘વિશ્વ રેન્કિંગમાં નંબર વન સ્થાન મેળવવું એ એક સ્વપ્ન સાકાર થવા જેવું છે અને તે મને દરરોજ મારી તાલીમમાં વધુ મહેનત કરવા માટે પ્રેરિત કરશે.’ તે આગામી ચાઈના પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ 2025 માટે તૈયારી કરી રહ્યો છે અને તેની નજર આવતા વર્ષે એશિયન પેરા ગેમ્સ પર છે. તેણે કહ્યું, ‘ચાઈના પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ 2025 એ શ્રેષ્ઠ ખેલાડીઓ સામે મારી જાતને ચકાસવાની એક શ્રેષ્ઠ તક છે અને હું આવતા વર્ષે એશિયન ગેમ્સમાં મારું શ્રેષ્ઠ પ્રદર્શન આપવા માટે આ ફોર્મ જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું.’